# Current affairs by-www.edusafar.com

78 78 5 91 0 92 પર GK લખી વોટ્સેપ પર સેન્ડ કરો.

**Current affairs 35 (2) સામાન્ય જ્ઞાન 25-3-2017** 

## રાષ્ટ્રીય

૧) લખૌનો યુનીવર્સીટીના નિયમ પ્રમાણે પાંચ વર્ષના એમ.બી.એ.કોર્ષને ત્રણ વર્ષે છોડવાથી બી.બી.એ.ની ડીગ્રી આપવામાં આવશે.

૨) કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા 22 માર્ચ 2017 ના રોજ નાબાર્ડ એક્ટ 1981 માં સંશોધન પ્રસ્તાવને મંજુરી આપી દીધેલ છે.

૩) ભારતમાં ઓબીસી પંચ રદ્દ કરવામાં આવ્યું છે, તેના સ્થાને તેના સ્થાને હવે નવું એન.એસ.ઈ.બી.સી.પંચ નીમવામાં આવશે.

૪) ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના નેજા હેઠળ તૈયાર કરાયેલા સ્વયંમ પ્લેટફોર્મ પર 77 જેટલા વિષયોમાં પોસ્ટ ગ્રેજયુએટ સુધીનો અભ્યાસક્રમ તૈયાર કરી દેવામાં આવેલ છે.

૫) સ્વયંમ એટલે કે સ્ટડી વેબ ઓફ એક્ટીવ લર્નિંગ ફોર યંગ એસ્પીરીંગ માઈન્ડ થાય છે.

૬) 23 માર્ચ 2017 ના રોજ પ્રખ્યાત તમિલ લેખક અશોક મિત્રનનું ચેન્નાઈમાં અવસાન થયેલ છે.

૭) 22 માર્ચ 2017 ના રોજ ભારતના ચૂંટણીપંચે તમિલનાડુના સતાધારી પક્ષ ઓલ ઇન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમનું ચૂંટણીનું નિશાન જપ્ત કરી લીધેલ છે.

૮) 22 માર્ચ 2017 ના રોજ કેન્દ્રીય મંત્રી મંડળે ફંડ ઓફ ફંડ્સ ઓફ સ્ટાર્ટ અપની સ્થાપનાના પ્રસ્તાવને મંજુરી આપી દીધેલ છે.

૯) દેશની આર્થિક મામલાની મંત્રી મંડળ સમિતિએ મેઘાલય અને મિઝોરમમાં 403 કીલોમીટરના રાષ્ટ્રીય રાજમાર્ગોના વિકાસ માટેની મંજુરી આપી દીધેલ છે.

## આંતરરાષ્ટ્રીય

૧૦) ભારતના પાંચ શહેરોને હાલમાં યુનેસ્કોની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે.

25-3- 2017

૧૧) ડીઝીટલ ચુકવણી માટે સેમસંગ દ્વારા સેમસંગ પે નામની વિશેષ સેવા શરુ કરેલ છે.

## ગુજરાત

૧૨) ભાવનગર ખાતે આગામી 7 થી 9 એપ્રિલ દરમિયાન ગુજરાત પોલો કપ આયોજિત કરાશે.

## રમત–જગત

૧૩) ભારતીય ખેલાડી અંકુર મિત્તલે આઈ.એસ.એસ.એફ શોટગન વર્લ્ડકપમાં ડબલ ટ્રેપ સ્પર્ધાનો ગોલ્ડ મેડલ જીતેલ છે.

૧૪) ભારતીય વિમેન્સ હોકી ટીમ લીગ રાઉન્ડ–2 માટે વેસ્ટ વાનકુવર ગયેલ છે.

૧૫) 24 માર્ચ 1921 ના રોજ વિશ્વના પ્રથમ મહિલા ઓલિમ્પિયાડનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧૬) ઓસ્ટ્રિયામાં ચાલી રહેલ ઓલિમ્પિક વિશ્વ વિન્ટર રમતોમાં ભારતે આજ સુધીમાં 18 પદકો જીતેલ છે.

## અન્ય

૧૭) ઇસરોએ હાલમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી હાઈપરસોનિક પવન સુરંગનો શુભારંભ કરેલ છે.

૧૮) 24 માર્ચ 2017 ના રોજ વિશ્વ ટી.બી.દિવસ મનાવવામાં આવ્યો.

૧૯) વિશ્વ બેંકે કેન્દ્ર અને ઉતરાખંડ સાથે 100 ડોલર મીલીયનની લોનના સમજુતી કરાર કરેલ છે.

૨૦) ફોટો જર્નાલીસ્ટ રઘુરાયને લાઈફટાઇમ અચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

25-3- 2017

# સમીક્ષા 237 (1) તારીખ 25/3/2017

# ઈસરોએ વિશ્વની ત્રીજી સૌથી મોટી હાઈપર સોનિક પવન સુરંગનો શુભારંભ કર્યો...

૧) ભારતની અવકાશ સંશોધન સંસ્થા ઈસરોએ તિરુવનંતપુરમમાં વિક્રમ સારાભાઇ અંતરીક્ષ કેન્દ્રમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી હાઈપર સોનિક પવન સુરંગનો શુભારંભ કરેલ છે.

૨) ઇસરોનું પુરુનામ ઇન્ડીયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન થાય છે.

૩) વિક્રમ સારાભાઇ અંતરીક્ષ કેન્દ્ર (વી.એસ.એસ.સી.નામે પણ ઓળખવામાં આવે છે.)

૪) હાલ ઈસરોના ચેરમેન તરીકે એ.એસ.કિરણકુમાર સેવા આપી રહ્યા છે.

૫) ઇસરોનું મુખ્યમથક કર્ણાટકના બેંગ્લોરમાં આવેલ છે.

૬) ઇસરોની સ્થાપના1969 માં કરવામાં આવી હતી.(જે સફળ રહી છે.)

૭) આ સ્થાપના કરવામાં ગુજરાતી વિજ્ઞાનિક વિક્રમ સારાભાઇ દ્વારા કરવામાં આવેલ છે.

**– પરેશ ચાવડા**

25-3- 2017

રોજે– રોજ આપના ફોનમાં જી.કે, કરંટ અફેર્સ મેળવવા નીચેની લીંક પરથી એપ ડાઉનલોડ કરો.

https://play.google.com/store/apps/details?id=com.edusafar

કરંટ અફેર્સ તારીખ 19 થી 21 માર્ચ વિડીઓ જુઓ .

https://www.youtube.com/watch?v=KYfFojs-FHs

વિજ્ઞાનની વિવિધ શાખાઓ ભાગ –3 એક મહત્વનો વિડીયો.

https://www.youtube.com/watch?v=lFYKfJhe_tQ

ગુજરાતી વ્યાકરણ વિશેષણ ગુજરાતી વિડીયો–23 નીચેની લિંક પરથી જુઓ.

https://www.youtube.com/watch?v=LDZ6kIG8CfM

ઈંગ્લીશ ગ્રામર ઈન ગુજરાતી ભાગ–4 નીચેની લિંક પરથી જુઓ

https://www.youtube.com/watch?v=DMW-reluhno

બેસ્ટ જીકે વિડીયો માટે નીચેની લીંક ઓપન કરો.

https://www.youtube.com/channel/UCfDAM9P2RF_ynz8B_j5enC

મિત્રો, એજ્યુસફર દ્વારા GK ના વિડીયો અપલોડ કરવામાં આવ્યા છે આ માટે YouTube પર જઈ, EduSafar લખી સર્ચ કરી, ચેનલ સબસ્ક્રાઈબ કરશો જેથી GK વિડીયો ના નવા અપડેટ્સ મેઈલ પર મળતા રહેશે.